COASTAL SALINITY PREVENTION CELL
Kharash Vistarotthan Yojana

# ખુલ્લામાં હાજતે જવાની બિનઆરોગ્યપ્રદ ટેવ દૂર કરતાં જૂનાગઢ જિલ્લાનાં ગામોના બહેનોને હવે અંધારું થવાની રાહ નથી જોવી પડતી તેથી સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને ખુશાલીનો વાયરો વાયો છે

************************************************************************************************************

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ચોરવાડ પાસે ધીરૂભાઈ અંબાણીના ગામ કુકસવાડામાં ગયા વર્ષે ડેન્ગ્યુથી પાંચ લોકોના મૃત્યુ થયા હતા. ગામના ઘણા લોકોની જાહેરમાં કુદરતી હાજતે જવાની કુટેવ હજુ પણ બરકરાર હોવાથી કુકસવાડામાં ગંદકી અને રોગચાળાનું રાજ જોવા મળે છે. આવી જ સ્થિતિ માંગરોળ તાલુકાનાં બીજાં અનેક ગામોમાં હતી. વર્ષ 2001માં તો મચ્છરના સામ્રાજ્યને કારણે એક ઘરના પાંચ-પાંચ લોકો તાવમાં પટકાયેલા જોવા મળે. આવી સ્થિતિમાં કોણ, કોની મદદ કરે?

એક તો જાહેરમાં કુદરતી હાજતે જવાની ટેવ અને વળી, દરિયાકાંઠાનાં ગામો હોવાથી ખારાં પાણીનો ગંભીર પ્રશ્ન, પરિણામઃ ચામડીના રોગો, કોલેરા, કીડનાના રોગો અને મલેરિયાની ભેટ. આવી બદતર સ્થિતિને દૂર કરી પીવાનું મીઠું પાણી અને સ્વચ્છતાનું સામ્રાજ્ય ઊભું કરવાનું બીડું ઝડપ્યું 'કૉસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ' (સીએસપીસી) અને 'આગા ખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)' (એકેઆરએસપીઆઈ) નામની સંસ્થાઓએ.

જૂનાગઢ જિલ્લાના માંગરોળ, માળિયા હાટિના અને વેરાવળ તાલુકાનાં ત્રીસેક ગામોમાં ઘેરઘેર ટોઈલેટની સુવિધા ઊભી કરીને ઉપરોક્ત સંસ્થાઓની મદદથી ગામલોકોએ જાહેરમાં કુદરતી હાજતે જવામાંથી મુક્તિ મેળવી છે. તેની સાથેસાથે રોગચાળો, ડર અને સંકોચ દૂર થયો તેમ જ આત્મસન્માન જળવાઈ રહ્યું એ પણ ખૂબ નોંધપાત્ર બાબત છે.

પોતાના ગામમાં ઘેરઘેર શૌચાલય બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપનારા સાંગાવાડા ગામના કાળાભાઈ કચરાભાઈ માલમ કહે છે કે, "અત્યાર સુધી અમારા ગામમાં બધા લોકો ખુલ્લામાં જ કુદરતી હાજતે જતાં. પરિણામે, જ્યાં જુઓ ત્યાં ગંદકી જોવા મળતી. લોકો વારંવાર બીમાર પડી જતાં, પણ હવે શૌચાલય બની ગયા હોવાથી સ્વચ્છતા જોવા મળે છે અને લોકો પણ રાજી છે."

સાંગાવાડ ગામ, જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં આવેલું છે. કોળી પટેલ, રબારી, દલિત વગેરેની મળીને કુલ 2200 લોકોની વસતિ ધરાવતા આ ગામમાં મોટાભાગનાં ઘરોમાં શૌચાલયો બની ગયાં છે. જે થોડાં ઘરો બાકી છે તે પરિવારો પણ લોકફાળા માટે પૈસાની સગવડ ઊભી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. 'દરિયાકાંઠા વિસ્તાર વિકાસ કાર્યક્રમ' અંતર્ગત 'સીએસપીસી' અને 'એકેઆરએસપી(આઈ)' સંસ્થાની



મદદ અને માર્ગદર્શનથી તૈયાર થતાં આ શૌચાલયોમાં શૌચાલય દીઠ 15થી 17000 હજાર રૂપિયા જેટલો ખર્ચ થાય છે. તેમાંથી શૌચાલય દીઠ 4600 રૂપિયા સરકારના 'ટોટલ સેનિટેશન પ્રોજેક્ટ'માંથી અને 1000 રૂપિયા 'સીએસપીસી' તરફથી ફાળવવામાં આવે છે. બાકીનો ખર્ચ શૌચાલયના લાભાર્થીએ કરવાનો હોય છે. તેથી આર્થિક રીતે નબળાં કુટુંબો શૌચાલયનો વિચાર માંડી વાળે[redacted] એવું બને. આ અંગે 'એકેઆરએસપી(આઈ)'ના પ્રોગ્રામ આસિસ્ટન્ટ કિરીટભાઈ કહે છે કે, 'નબળાં કુટુંબો શૌચાલયનું બાંધકામ કરવાની જવાબદારી જાતે ઉઠાવી લે છે અને પૈસાની સગવડ થતી જાય તેમ તેમ શૌચાલયનું કામ આગળ વધારે છે. એટલે હવે આર્થિક રીતે ખૂબ પછાત ઘરોમાં પણ શૌચાલયોનો વપરાશ શરૂ થયો છે.'

જોકે, કુદરતી હાજત માટે ખુલ્લામાં જવાની ટેવવાળા લોકો શરૂઆતમાં શૌચાલય બનાવવા સહેજે તૈયાર નહોતા. એટલે સંસ્થાએ શેરી નાટકો, શાળાકીય કાર્યક્રમો વગેરેના માધ્યમથી લોકોમાં સ્વચ્છતાના મહત્ત્વ અંગે જાગૃતિ આણી. પછી ફળિયામાં કોઈ એકના ઘરે શૌચાલય જોઈને બીજા લોકોએ ધીરેધીરે શૌચાલય બનાવવાની તત્પરતા બતાવી. 'એકેઆરએસપી(આઈ)' ના પ્રોગ્રામ કો-ઑર્ડિનેટર રમેશભાઈ કહે છે તેમ 'દરિયાકાંઠા વિસ્તાર વિકાસ યોજના' હેઠળ વેરાવળ તાલુકાના છાત્રોડા ગામમાં તો તમામ પરિવારોએ શૌચાલયો બનાવ્યાં છે. 'ચરખા' નેટવર્કની ટીમે આ ગામોની મુલાકાત લીધી.

શૌચાલય બનાવવાથી થયેલા ફાયદા અંગે ગામની 'સામાજિક ન્યાય સમિતિ'ના ચેરપર્સન તેમ જ પંચાયત અને પાણી સમિતિના સભ્ય એવા મનસુખભાઈ રાજાભાઈ રાઠોડ કહે છે કે, "અમારે ત્યાં ખારાશને કારણે ઝાડવાં રહ્યાં નહીં, તેથી કુદરતી હાજતે જવા માટે કોઈ આડશ ન રહી. વળી, ખુલ્લી જગ્યાઓમાં પણ ધીરેધીરે મકાનો બનવા લાગ્યાં. એટલે ખુલ્લામાં જવામાં બહેનોને ખૂબ સંકોચ થતો, કોઈક જનાવર કરડી જવાનો ડર પણ લાગતો."

શૌચાલયો બનવાથી ગામની મહિલાઓ સૌથી વધારે ખુશ છે, કારણ કે તેમને કુદરતી હાજતે જવા માટે પણ અંધારું થવાની રાહ જોવી પડતી. હાજત રોકવાને કારણે લોકોને જાતજાતની બીમારી પણ થતી. પહેલાં આવી જ એક બીમારીનો ભોગ બનેલા છાત્રોડા ગામના દિલીપભાઈ અપરનાથ કહે છે, "સંડાસ રોકવાથી મને હરસ-મસા થઈ ગયા હતા. સાઈકલ પર બેસાતું નહોતું. હારી-થાકીને 24000 રૂપિયાનો ખર્ચો કરીને હરસ-મસાનું ઑપરેશન કરાવવું પડ્યું."

દિલીપભાઈનાં પત્ની રમાબહેન પણ તેમની વાતમાં સૂર પુરાવતાં કહે છે કે, "અમારા ગામની અનેક બહેનોને કુદરતી હાજત રોકવાથી ઘણી તકલીફો થતી, અજવાળામાં તો જવાય નહીં, અંધારામાં જઈએ તો કોઈને ભેળા લેવા પડે."



શૌચાલય નહોતા ત્યારે ખુલ્લામાં જવાથી લોકોને મચ્છરો કરડતાં. ચોમાસામાં તો ખુલ્લી જગ્યામાં પણ પાણી ભરાયેલાં હોય એટલે એકાંત શોધવા દૂર દૂર સુધી જવું પડતું. આવી સ્થિતિમાં વિકલાંગતા ધરાવતા કે વૃદ્ધાવસ્થાવાળા લોકોની હાલત કેવી થાય? ગામના હરીગરભાઈ અપરનાથના ડાબા હાથ-પગમાં લકવો થયેલો છે. તેમને છેલ્લાં વીસ વર્ષથી લકવાગ્રસ્ત સ્થિતિમાં જ ખુલ્લામાં હાજતે જવું પડતું. પોતે જાતે જઈ ન શકે એટલે તેમનાં પત્ની પુષ્પાબહેને પણ કાયમ તેમને મૂકવા જવું પડતું. સંસ્થાઓની મદદથી શૌચાલય બનવાથી તેઓ ખૂબ મોટી રાહત અનુભવી રહ્યા છે.

છાત્રોડાની પાણી સમિતિના સભ્ય મેરૂભાઈ બચુભાઈ રામ કહે છે, “ગામના ડોહા માણહો શૌચાલય બનાવવા રાજી નહોતાં, કારણ કે તેમને તેમાં મુંઝારો થાય. ઘરમાં જ શૌચાલય ગમે નહીં. પણ જુવાનિયાઓને તો શૌચાલય જોઈતા’તા એટલે પછી ડોહાઓએ પણ હવે સ્વીકારી લીધાં.”

આપણા ગુજરાતના જાણીતા કથાકાર શ્રી મોરારીબાપુ પણ કહેતા હોય છે કે, ‘એક મંદિર ઓછું હશે તો ચાલશે, પણ હવે શૌચાલયો તો અચૂક બનાવવાં જોઈએ.’

(ચરખા-વિકાસલક્ષી ફીચર્સ)